Indian Journal of Social Sciences and Literature Studies
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 7, Issue 2, October 2021

# આધુનિક સંવેદનાને વાચા આપતા કવિ લા.ઠા

મેહુલ ડી.પટેલ
એ.જે.પી.બી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ- મુ.પો. કનકપર

આધુનિક યુગ એવો શબ્દ આપણે પ્રયોજીયે છીએ ત્યારે આધુનિક કોને કહી શકાય? વર્તમાનને કે એના પહેલાંના સમય ગાળાની પરિસ્થિતિને એવો પ્રશ્ન આપણને મુંઝવે છે. આ આધુનિકતા સંજ્ઞાનું મૂળ સંસ્કૃતમાં 'અધુના' માં છે. 'અધુના' એટલે અત્યારનું, હમણાંનું. અંગ્રેજીમાં આધુનિક માટેનો શબ્દ છે; 'મોર્ડન'. ઓકસફોર્ડ ડિકશનરીમાં આ શબ્દની સમજૂતિ 'Belonging to the present or recent time' અથવા 'of the latest fashion' આપવામાં આવી છે. આધુનિકતા સાથે સમસામયિકતાનો ભાવ પણ જોડાયેલો છે અને આધુનિક સંવેદના સાથે આધુનિક ચેતના પણ જોડાયેલી છે. સંસ્કૃતિ પ્રત્યે વિરોધ કે પરંપરા પ્રત્યે વિદ્રોહને આધુનિકતાનું અગ્રીમ લક્ષણ ગણવામાં આવ્યું છે.

પશ્ચિમમાં વીસમી સદીના આરંભે જે આંદોલનો સર્જાયા એના પરીણામે આધુનિકનો સમયગાળો અસ્તિત્વ ભણી ડગ માંડી રહ્યો હતો. ફ્રાન્ક કરમોડ ઇ.સ.૧૮૪૭ થી ૧૯૨૫ના સમયગાળાને આધુનિકવાદનો સમયગાળો કહે છે. વિશ્વયુધ્ધને પરિણામે જે સ્થિતિ ઉભી થઇ એનું પરિણામ માનવના અસ્તિત્વની સામે પણ અનેક પ્રશ્નો ઉભો કરતું ગયું. સ્વ વિશેની માનવની ભાવના ઠેબે ચઢી. જીવવા માટેનો સંઘર્ષ શરૂ થયો. શહેરીકરણ થવા લાગ્યું. ભૌતિક લાલસાઓ વધવા લાગી. માણસનું સ્થાન મશીનોએ લેવા માંડયું. ઉપગ્રહો છોડાયા પણ પૂર્વગ્રહો નહી. આવી સ્થિતિમાં આધુનિકતાવાદનો ઉદ્દભવ થયો અને એના લક્ષણો ઓર્તેગાએ આ મૂજબ બતાવેલ. જેમાં, (૧)કલાનું અમાનવીયકરણ કરવું. (૨) કલાકૃતિ કલાકૃતિ સિવાય બીજું કશું નથી તેનો ખયાલ રાખવો. (૩) કલાને માત્ર લીલા ગણવી (૪) વક્રોક્તિનો આધાર લેવો. (૫) કોઇપણ જાતના દેખાડાથી દૂર રહેવું. (૬) કલા કોઇ અતીન્દ્રિય પદાર્થ નથી એમ જોવું.- આ છ બાબતોએ આધુનિકતાનો પાયો રચાયેલો હોવાનો તેણે મત રજૂ કર્યો.

યંત્રઉદ્યોગો સાથે બાથ ભીડીને ચાલતી જીંદગીએ જીવનવ્યવસ્થા અને સંબંધો પર વિપરીત અસર ઊભી કરી. બબ્બે વિશ્વયુધ્ધો, જાપનનાં બે શહેરો- હિરોશીમા અને નાગાસાકી પર અણુબોંબની વર્ષા- આ ઘટનાઓ એ જાણે માનવ-માનવ વચ્ચેના સંબંધોનો છેદ જ ઉડાડી દીધો. રાજકીય,સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક ક્ષેત્રે કટોકટી ઉભી થવા લાગી. આ બધી કારમી વેદનાઓનો પડઘો સાહિત્યમાં પડે એ સ્વાભાવિક છે. યુધ્ધોના કારણે જન્મલી જીવન સાથે જોડાયેલી હતાશા,નાસ્તિકતા, અશ્રધ્ધા, વ્યર્થતા, સ્વના અસ્તિત્વ માટેની મથામણ, ચારેકોર મૂલ્યોનો છડે ચોક થયો રહેલો હ્રાસ આ બધી જ બાબતો આધુનિક સાહિત્યમાં સ્પષ્ટ રીતે ઝિલાવા લાગે છે. આધુનિકવાદનું આ અતિક્રમણ સીમાઓ પાર કરીને અલ્પવિકસીત બધા જ દેશોમાં પહોંચ્યું. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાની અગ્રણી ગાણાવાયેલા સુરેશ જોષીની કવિતામાં આધુનિકતાનો પડઘો સ્પષ્ટ સંભળાય છે. આ ગાળામાં કૃષ્ણલાલ શ્રીધરાણી, હરિશ્ચંદ્ર ભટ્ટ, નિરંજન ભગત, પ્રિયકાન્ત મણિયાર, હસમુખ પાઠક, નલિન રાવળ વગેરે સર્જકોની કવિતામાં

*મેહુલ ડી.પટેલ, એ.જે.પી.બી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ- મુ.પો. કનકપર, તા. અબડાસા કચ્છ.
મો.૯૪૦૮૨ ૮૩૯૮૩

પણ માનવજીવનના તરડાયેલા ચહેરાનું અને એની વેદનાનું પ્રતીક સ્પષ્ટ આલેખાવા લાગે છે. આજ પ્રકારની આધુનિક ગુજરાતી કવિતાની નૂતન સંવેદનાઓ પ્રકટાવવામાં લાભશંકર ઠાકર, આદિલ મન્સૂરી, મનહર મોદી, ચિનુ મોદી, રાવજી પટેલ, સિતાંશુ યશશ્ચંદ્ર, રમેશ પારેખ, અનિલ જોષી, મનોજ ખંડેરિયાનું પ્રદાન પણ મહત્વનું છે પણ વર્તમાન નવીનતમ આધુનિક કવિતામાં લાભશંકર ઠાકરનું નામ પ્રથમ હરોળમાં ઉલ્લેખનીય છે. 'રે' મઠના પ્રણેતા અને 'આ કંઠ સાબરમતી' સાથે સંકળાયેલા કવિ, નાટયકાર, નિબંધકાર, નવલકથાકાર, વિવેચક, સંપાદક લાભશંકર ઠાકરનો જન્મ ૧૪-૧-૧૯૩૫ના ઉતરાયણના દિવસે સેડતામાં (સુરેન્દ્રનગર જિલ્લામાં) થયો હતો. પિતા જાદવજીભાઇ પુસ્તકો અને લેખનના શોખીન હોતાં લાભશંકરને તેનો લાભ સતત મળતો રહેતો. માતા પ્રભાવતીબહેનને ગાવાનો શોખ હોતાં લાભશંકર માતાને આગ્રહ કરી ગવડાવતાં. આમ,સાહિત્યના સંસ્કારો ઘરના વાતાવરણમાંથી જ પ્રાપ્ત થયેલા. કવિ પાસેથી 'માણસની વાત' (૧૯૬૮), 'મારા નામને દરવાજે'(૧૯૭૨), 'બૂમ કાગળમાં કોરા'(૧૯૭૪), 'પ્રવાહણ'(૧૯૮૬), 'લઘરો'(૧૯૮૭), 'કાલગ્રંથિ' (૧૯૮૯), 'ટોળાં અવાજ ઘોંઘાટ' (૧૯૯૦), 'કલ્પાયન' (૧૯૯૮), 'કિચૂડ કિચૂડ'(૧૯૯૯), 'સમય સમય'(૨૦૦૦), 'હથિયાર વગરનો ઘા' (૨૦૦૦), 'ટેવ' (૨૦૦૧), 'છ'(૨૦૦૨), 'છે પ્રતીક્ષા' (૨૦૦૨), 'આઇ ડોન્ટ નો, સર' (૨૦૦૨), 'રમત ?' (૨૦૦૩), 'મેં કમિટ કર્યું છે શું ? ' (૨૦૦૪) જેવા કાવ્યગ્રંથોમાં રજૂ થયેલી કવિતામાં કવિ આપણને આસપાસની સૃષ્ટિમાં ઊંડે જોવા મજબૂર કરે છે ને આપણી વેદના-સંવેદનાઓનો અહેસાસ પણ કરાવી જાય છે. પણ લાભશંકર ઠાકરનો સાચો પરિચય તેઓ સતત સાચા શબ્દની શોધના કવિ છે.એ શોધ જ એમની કાવ્યસંવેદનાનું અને કાવ્યસાધનાનું કેન્દ્રબિંદુ છે. ગુજરાત સાહિત્ય અકાદમીએ 'ખખડતી ખેંચે કવિતા કોણ?' એ નામે એક સંપાદન કરાવ્યું છે.જેમાં લાભશંકરના હસ્તાક્ષરમાં રજૂ થયેલી કેફિયત જ એમનો સાચો પરિચય બની રહે છે. જે આ મૂજબ છે-

**ઉલેચાતો શબ્દ**

**ક્યાંક તો ખૂટી જવાનો છું.**
**અને તૂટી જવાનો છું**
**ક્રિયાથી**
**કર્મથી**
**નામના વ્યયથી**
**વિશેષણથી**
**આમ-થી ને તેમ-થી**
**છે અને છું-છાં થકી.**
**વેલ જૂની છે ને વાંકી ધૂંસરી**
**ચડે બેસે ને વળી ઊતરે**
**ખખડતી ખેંચે કવિતા કોણ?**
**ચૂંચવે છે ચરણ કોનાં?**
**ચારણ બનીને કોણ આ**
**ચાલ્યા કરે છે ?**
**આરણ નથી કારણ નથી**
**ને છતાં**
**ખખડતી ખેંચે કવિતા કોણ ?**

લાભશંકરની લેખનપ્રક્રિયા 'ક્ષિતિજ'માં પ્રગટ થયેલી આધુનિક સંવેદનાને વાચા આપતી પ્રથમ કવિતાથી આરંભાય છે જેને રે'મઠના કવિઓ વેગ આપે છે. તેમની પાસેથી 'વહી જતી પાછળ રમ્ય ઘોષા' (૧૯૬૫), 'માણસની વાત' (૧૯૬૮-દીર્ઘ કવિતા) , 'મારે નામને દરવાજે' , 'બૂમ કાગળમાં કોરા', 'પ્રવાહણ' અને 'કાલગ્રંથિ' એમ કવિની કાવ્યયાત્રા વિવિધ આયામોથી સાથે ચાલતી

રહી છે. ૧૯૬૫માં 'વહી જતી પાછળ રમ્ય ઘોષા' બહાર પડયો ત્યારથી તેમણે નવીનતમ કવિતાના સર્જકોમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમની કાવ્યસર્જનમાં જીવનનું દર્શન અને કવિતાના સર્જન પરત્વે પોતાનું અનોખું સર્જકત્વ પણ પ્રગટ કર્યું છે. માનવીની અંતરતમ વહેતી વિચ્છિન્નતા, હતાશા, તુચ્છતા વગેરેને આલેખવાનો પ્રયાસ એમણે કર્યો છે. એમની કવિતામાં જીવનની વ્યર્થતાનો સૂર સંભળાય છે.એમણે આજનો માનવી દૈનિક જીવનની ઘટમાળના ચકકરમાં ફસાતો, ભીસાતો, ટીપાતો, અંદરથી ખોવાતો જાય છે, એ દર્શાવવાનો પણ એક પ્રયાસ છે. આ સંગ્રહની કવિતામાં કવિનું પરંપરામાંથી આધુનિકતામાં રૂપાંતર થતું જોવા મળે છે.

'માણસની વાત' ૩૧ પૃષ્ઠ લાંબી દીર્ઘ કવિતા છે. 'રોલિંગ શટર' થઇને પડેલા આધુનિક માણસની વાત અછાંદસમાં કવિએ અહીં કરી છે.

*** ''બત્રીસ વરસથી થરકતા દીવાની વાટમાં જોઉ છું...''**
*** ''દીપકના બે દીકરા કાજળ ને અજવાશ''**
*** '' કશું જ મારા હાથમાં નથી,**
**મારા હાથ પણ મારા નથી..''**

એમ કહી માનવીની નિ:સહાયતા પ્રગટ થાય છે. યંત્ર યુગના માનવીને જે વાચા મળી છે એની અનુભૂતિ અહીયા થયા કરે છે. એમાં જીવન, મૃત્યુ, અસ્તિત્વમાં અનુભવાતો સંઘર્ષ, તેની પાછળ રહેલી સમાજની જડતા, નિષ્ક્રિયતા, દંભ વગેરે વિશે જાગતી નિર્ભ્રાન્તિ, મનની ચંચળતા, નિર્ણય, સ્વાતંત્ર્ય અને ધર્મ, જ્ઞાન, પ્રેમ ઇત્યાદી અનેક બાબતોનો માર્મિક સ્પર્શ કવિની કથન રીતિ કરાવી જાય છે એમાંથી આજના માણસની છબી ઉપસે છે. બત્રીસ વર્ષ સુધીમાં કવિએ માણસના જેટલાં રૂપો જોયા છે એની વાત કવિએ અહીયા કરી છે. માનવીને તેઓ 'રોલિંગ શટર' કહે છે. જે આજના યાંત્રિકજીવન સાથે જોડાયેલાં માણસની યાંત્રિકતાને વ્યકત કરે છે. પ્રાચીન માણસ જેમ બુધ્ધિના અભાવે દુ:ખ પામતો હતો તેમ આજનો માણસ વધારે પડતી સભાનતાને કારણે દુ:ખી છે. એટલે તેઓ નોંધે છે;

**'' આ મારી વાત છે**
**બુધ્ધિશાળી માણસની વાત છે**
**માણસની વાત છે**
**મુર્ખ રહેવા સર્જાયેલા માણસની વાત છે.''**

વિશેષતઃ માણસ પોતે જ પોતાની જાતથી જાણે વિસરાઇ ગયો હોય એમ પોતે જ અનુભવવા લાગે ત્યારે એ કવિતા આધુનિકતાથી વધારે નજીક લાગે છે. ખવાઇ ગયેલા, ખાઇ ન શકતા, હાથ વિના અપરાધભાવ અનુવતો, આંખો વિના પોતાને જગતથી દૂર માનતો માનવી જાણે આ યુગનો જ ન હોય એવી અનુભૂતિ કરે ત્યારે કવિની કલ્પનામાં એ કયા પ્રકારે કાવ્યરૂપ ધારણ કરે એની પ્રતીતિ કવિના કાવ્યોમાં થાય છે જેમ કે,

**''હું જાણું છું કે હું ખવાઇ ગયો છું**
**અને છતાંય હું ખાઉ છું.**
**ખવાઇ ગયેલો માણસ ખાઇ શકતો નથી**
**હાથ વગરનો માણસ લખી શકતો નથી**

**અને છતાં હું લખું છું.**
**આંખ વગરનો હોવા છતાં**
**રંગીન પુસ્તકો છપાવું છું**
**એક ટેવ છે આ,**
**માણસની આ ટેવ છે.''**

સાચે જ આધુનિક પવનના વંટોળમાં લપેટાયેલા માણસની સ્થિતિ કદાચ આવી જ છે. તો એથીય આગળ માણસની ભીતરી મૂઝવણને 'મારે નામને દરવાજે' માં આ પ્રકારે કવિએ વ્યકત કરી છે;

**''હજુ ય અંધ બારણા**
**હજુ ય બંધ બારણા.''**

આ રીતે લાભશંકર ઠાકરે માણસની આંતરિક-બાહ્ય હકીકતોને કવિતામાં કંડારી છે. 'મારે નામને દરવાજે' માં કલાઇડોસ્કોપમાં દેખાતાં ક્ષણે ક્ષણ પરિવર્તન પામતાં, અસ્તિત્વને કોરી ખાતી બહુરંગી સંવેદનાને પગટ કરી છે. જો કે એમાં અભિવ્યકિતની તાજગી દર્શાવતા પ્રતીકો ને કલ્પનો છે. શબ્દની આરત ભરી શોધ કવિની છે.

'ટોળાં, અવાજ,ઘોંઘાટ' સંગ્રહમાં ખોવાઇ ને ખવાઇ ગયેલા માણસની વાત, એકલતાની ભીંસને પણ કવિ શબ્દબધ્ધ કરે છે;

**''હું અવાજની નાભિને શોધું**
**મૂળ ઉપર ભીતરમાં મારા**
**સડી ગયેલા તળિયાવાળી**
**અભિજ્ઞતા અથડાય''**

એમ કહી તેઓ અર્થહીનતા અનુભતા માણસને માનસિકતાની સાક્ષી પૂરતા સહાયક બની રહે છે.

તો લઘરાની કવિતામાં કવિની મૂંઝવણ છે. સત્વ ગુમાવી બેઠેલા શબ્દને સહારે ચાલતાં કવિની વેદના લઘરાના પ્રતીક દ્વારા વ્યકત થાય છે;

**'ડોલ શબ્દની કાણી રે**
**ઊંડા કૂવાનાં પાણી રે**
**હરખભેર દામણ ખેંચે છે**
**લઘરો તાણી તાણી રે.**
**આ આવી છલકાતી લઇને**
**ભરચક પાણી પાણી રે.'**

માનવી ભૂતકાળના તમામ સંબંધો તોડીને તે વર્તમાનમાં જીવવા માંગે છે. નકકર વાસ્તવિકતાનો સંપર્ક થતા તે નિર્ભ્રાન્ત થઇ જાય છે. આસપાસની દુનિયામાં તેને માનવતત્વ જેવું ભાગ્યે જ દેખાય છે. લાભશંકર ઠાકર સુંદરમ્ અને ઉશનસ્‌ની માફક આ કવિ પણ નિજ કવિતાનું ધ્રુવબિંદુ શોધે છે. એથીય આગળ કવિની ભાષાને પામવાની મથામણ શરૂ થઇ છે. પોતાના અનુભવને આધારે કવિ કહે છે;

**'સાચે જ**
**અવાજને ખોદી શકાતો નથી**
**ને ઊંચકી શકાતું નથી મૌન.'**

મૌનની પરિભાષામાં અનુભૂતિની જે સચ્ચાઇ છે. એનો ભાષાના માધ્યમ દ્વારા કવિએ કુશળતાપૂર્વક કવિએ ઉપયોગ કર્યો છે. તો ટોળાંની વચ્ચે ઘેરાઇ ગયેલા કવિને પોતાનો અવાજ જ સંભળાતો નથી એથી આગવો અવાજ ઊભો કરવાની કવિ મથામણ કરે છે. પોતાની આસપાસ કવિ ટોળાંનો અનુભવ કરતા કવિ પોતે ગભરાય છે અને ચિત્કાર કરી ઊઠે છે;

**'આ ટોળાં, અવાજ, ઘોંઘાટ, બહેરાશમાં કૂવામાં**
**ઊંડે ઊંડે ઊછળી રહ્યાં છે.'**

અને ખરાં અર્થમાં આપણી આસપાસ ઘેરાયેલાં ટોળાંથી મૂઝવણ અનુભવતા માણસની વેદના કવિએ રજૂ કરી છે.

લાભશંકર ઠાકરની કવિતામાં ચિત્રાત્મકતા દ્વારા સંવેદના રજૂ થયાના દાખલા પણ આપણને પ્રાપ્ત થાય છે. અહી કવિ શબ્દોની રમતથી જાણે આધુનિક માણસની નીચે ધકેલાતી રહેલી ગર્તાનું ભાન કરાવે છે. કેટલાંક ઉદા...

**✱ ' પથ્થર પર પટકાતો, રૂપેરી પરદા પર અટવાતો, શબ્દ સોંસરો**
**છોલાતો -**
**શાધું છું એને**
**બમ્પર ડ્રોમાં -**
**મમંત્રમાં**
**તતંત્રમાં**
**યયંત્રમાં**
**ઘસડાતો ઘસડાતો ડ્રેબના ફાંદા નીચેની ઝાડીમાં**
**ગૂંચવાઇ ગયેલા સ્ત્રોત્રમાં '**

**✱ ✱ ✱**

**✱ સ્ટ્રેચરમાં લઇ જવાતો ખંડમાંથી -**
**પેસેજમાંથી -**
**લિફટમાંથી -**
**નીચે**
**નીચે**
**નીચે**
**ખખડ ખખડ ખચકાતા**
**ઊંચકાતા આંચકા સાથે લિફટમાંથી બહાર -**
**કઢાતો પેસેજમાં**
**હજજારો હજજારો સેકન્ડઝ સુધી એક્સ-રે રૂમની**
**બહાર પ્રતીક્ષામાં -'**

આમ, લાભશંકર ઠાકરની કવિતામાં આધુનિકતાની આંધીમાં અટવાયેલા, અંજાયેલા, યંત્રસંસ્કૃતિથી ઘેરાયેલા માણસની વાતને વાચા આપવાનો કવિનો પ્રયત્ન છે. અહીયા માત્ર સમાજને કવિએ ઉપદેશના ઉદેશ સાથે કવિતા રચી નથી પણ આસપાસની પરિસ્થિતિ ન જોઇ શકતા માણસને પરિસ્થિતિનો પરિચય કરાવનાનો પણ પ્રયાસ છે. એટલે ચંદ્રકાન્ત શેઠ, લા.ઠાને 'મૂલપર્યંત જોવાની મથામણ ' કરતા કવિ તરીકે ઓળખાવ્યા છે. લાભશંકરની કવિતાનું ઉચિત મૂલ્યાંકન કરતા તેઓ નોંધે છે; ' જીવન અને જગતનાં આંતરબાહ્ય નિરીક્ષણ-પરીક્ષણ-અનુભવ-મનોમંથન આદિએ પ્રેરિત આક્રોશ-વ્યંગ-વિડંબના-વેદના-વિદ્રોહ વગેરેનાં સંવેદનાએ કવિતાની પથરાતી-પલટાતી-પલોટાતી-પછડાતી ને પડછંદાતી ગતિસ્થિતિનો અનોખો ચાક-લય અનુભવાય છે. કવિની અકળામણ ને મથામણ, એમનો વિરોધ ને વિદ્રોહ આ કે તે, અમુક કે તમુક વર્ગ-પક્ષ કે સમૂહ સામે નહી, એટલો પોતાની સામે-પોતાની જ મનોગતથી માંડીને શબ્દગત સુધીની હરકતો સામે સવિશેષ જણાય છે.'

## : સંદર્ભ સાહિત્ય :


**૧.** અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (આધુનિક અને અનુઆધુનિક), પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૦

**૨.** ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ - ૭, સ્વાતંત્ર્યોતર યુગ-૧, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૫

**૩.** સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીતસંચય, સંપા.ચન્દ્રકાન્ત શેઠ-હરિકૃષ્ણ પાઠક, ગુજરાત સાહિત્ય અકાદમી, પ્ર.આ.૨૦૦૨

**૪.** અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો, ધીરુભાઇ ઠાકર, પ્ર.આ.૨૦૧૧

**૫.** ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-અર્વાચીન-આધુનિક યુગ, ડો.બહેચરભાઇ પટેલ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૭